**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૨/૦૯/૨૦૧૭ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>**
**<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૬૯/૧૭</u>**

**<u>છેલ્લા નવેક માસથી અપહરણ તથા લુંટના ગુન્હામાં નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના સંયુકત પોલીસ કમિશનરશ્રી જેકે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબની સુચના અનુસાર એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ટીમના શ્રી કે.જી.ચૌધરી સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ એન્ટી ઓગેનાઇઝડ ક્રાઇમ ટીમના માણસો મિલ્કત સબંધી ગુન્હાના આરોપીઓ શોધી કાઢવા કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે આરોપીઅક્ષય @ અક્કી સ/ઓ નારણભાઇ મકવાણાં ઉ.વ.22 રહે, ઘર નં.434, સેકટર-3, સ્મ્રુતિ સ્કુલની બાજુમાં, ચાણક્યપુરી, ઘાટલોડીયા, અમદાવાદ શહેરને પકડી અટક કરવામાં આવેલ છે. સદરહુ આરોપી સોલા પોલીસ સ્ટેશન ફ. 235/16 ઇ.પી.કો. કલમ 365, 394, 397, 506(2) 114 જી.પી.એકટ કલમ 135(1) વિગેરે મુજબના ગુન્હામાં વોન્ટેડ હોય, જેથી તેની ધરપકડ કરી વધુ તપાસ અર્થે આરોપી સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોકત આરોપીએ તેના મળતીયા આરોપીઓ સાથે નવેમ્બર/2016 માં સન્ની વનરાજભાઇ ચાવડા નું સ્વીફટ કારમાં અપહરણ કરી ચાણક્યપુરી ખાતે મારમારી ફરીયાદીને જુદ્દી જુદ્દી જગ્યાએ ફેરવી મારમારી ઘાતક હથિયારોથી મારમારી સન્ની ના ખિસ્સામાંથી રૂ.6000/ ની લુંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ હતો જે ગુન્હામાં ઉપર મુજબનો આરોપી છેલ્લા નવેક માસથી નાસતો ફરતો રહેલ હતો

ઉપરોકતઅક્ષય @ અક્કી સ/ઓ નારણભાઇ મકવાણાં સને 2014 માં મારામારી ના ગુન્હામાં સોલા પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ છે

## રીક્ષામાં પેસેન્જરોને ઘાતક હથિયાર બતાવી લુંટ કરતા રીઢા ગુન્હેગારોને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના સંયુકત પોલીસ કમિશનરશ્રી જેકે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશનરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબની સુચના અનુસાર એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ ટીમના શ્રી કેજી.ચૌધરી સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ એન્ટી ઓગેનાઇઝડ ક્રાઇમ ટીમના માણસો મિલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા આવા ગુન્હા કરતા આરોપી શોધી કાઢવા કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેત્થી આરોપીઓ

(1)પરવેઝ સ/ઓ મોઇનુદીન ઉર્ફે મુનીરભાઇ જાતે અન્સારી ઉવ.24 રહેવાસી. ઘર નં. એ/86 જશનગર જનતાનગર ની બાજુમા રામોલ અમદાવાદ શહેર

(2) જુનેદ ઉર્ફે બમ્બૈયા સ/ઓ મોહંમંદ હુસેન જમાલુદીન જાતે કુરેશી ઉ્વ.20 રહેવાસી ઘર નં. બી/161 જશનગર જનતાનગર ની બાજુમા રામોલ અમદાવાદ શહેર

ખાતેથી ઝડપી પાડેલ છે, આ બંન્ને ઇસમોએ તા29/08/17 ના રોજ રાત્રીના દસેક વાગ્યા ના સુમારે બે ઇસમોને પેસેન્જર તરીકે બેસાડી આ બે પેસેન્જરોને ઉસ્માનપુરા જવાનું હોય આ બંન્ને ઇસમોને તેમના ગંતવ્ય સ્થળે ન લઇ જઇ રામોલ રીંગરોડ ખાતે લઇ જઇ અવાવરૂ જગ્યાએ રીક્ષા ઉભી રાખી બંન્ને આરોપીઓએ પેસેન્જરોને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગળા ઉપર છરી રાખી પેસેન્જરોને ભયમાં મુકી બંન્ને પેસેન્જરો પાસેથી લેપટોપ નંગ2 એપલ કંપનીનો મોબાઇલ ફ્રોન, સેમસંગ જે/2 મોબાઇલ ફ્રોન, હાર્ડ ડીસ્ક તથા રોકડા રૂ.10000/ વિગેરે ની લુંટ કરેલ હતી

જે અંગે આરોપીઓની તપાસ કરી તેમની પાસેથી લેપટોપ નંગ-2, એપલ કંપનીનો ફ્રોન નંગ-1, હાર્ડ ડીસ્ક નંગ-1 તથા ગુન્હો કરવામાં ઉપયોગમાં લીધેલ રીક્ષા મળી કુલ રૂા,40,000/ નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે

આ કામે આરોપી પરવેઝ સ/ઓ મોઇનુદીન ઉર્ફે મુનીરભાઇ જાતે અન્સારીસને 2013 માં ઘરફ્રોડ ચોરીના ગુન્હામાં રામોલ પોલીસ સ્ટેશનમાં પકડયેલ છે તથા ચાલુ વર્ષે ફ્રેબ્રુઆરી માસમાં પેસેન્જર ને લુંટી લેવા બદલ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં લુટના ગુન્હામાં પકડાયેલ છે અને આ ગુન્હા બદલ તે અમદાવાદ જેલમાં હતો અને બે માસ પહેલાં જામીન મુકત થયેલ છે

તેમજ આરોપી જુનેદ ઉર્ફે બમ્બૈયા સ/ઓ મોહંમંદ હુસેન જમાલુદીન જાતે કુરેશી ઉ્વ.20 રહેવાસી. ઘર નં. બી/161 જશનગર જનતાનગર ની બાજુમા રામોલ અમદાવાદ શહેરનો રામોલ ખાતે એકલો રહેછે અને કોઇ કામ ધંધો કરતો નથી જે ફ્રેબ્રુઆરી/2017 માં વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેસેન્જરને લુંટી લેવાના ગુન્હામાં પકડાયેલ છે અને આ ગુન્હામાં અમદાવાદ જેલમાં હતો તે પણ આજથી બે માસ પહેલં જેલમાંથી છુટેલ છે જે બંન્ને આરોપીઓ જેલમાંથી છુટીને આવીને રીક્ષામાં પેસેન્જર બેસાડી તેમને લુંટીલેવાના ગુન્હા કરવાનું ફરીથી ચાલુ કરેલ છે

**<u>અમદાવાદ શહેર વિસ્તારમાં ટુ વ્હીલર ઉપર જતા દંપતીઓ પૈકી પાછળ બેઠેલ સ્ત્રીઓને ટાર્ગેટ બનાવી તેઓના ગળામાંથી ચેઇન સ્નેચીગ કરતા એક ઇસમને પલ્સર મોટર સાયકલ તેમજ પાંચ સોનાની ચેઇન તથા એક મંગળસુત્ર સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ</u>**

**અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી રહે તેમજ શહેરમાં બનતા ચેઈન સ્નેચિંગના ગુન્હાઓ શોધી કાઢવા સારૂ તેમજ અટકાવવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.જી.સરવૈયા તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ તથા પો.સ.ઇ. શ્રી કે.ડી.જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેરના દરીયાપુર વિસ્તારનાં જોર્ડન રોડ પરનાં દિલ્હી ચકલા બસ સ્ટેન્ડ પાસે જાહેરમાંથી <u>જોએબખાન S/O નાદીરખાન શેરખાન જાતે બલોચ ઉ.વ.૨૦ રહે, ઘર નં. ૨૮૮૮, દાદામીયાની ગલી, મામુજીનો ખાંચો, પોપટીયાવાડ દરીયાપુર અમદાવાદ શહેર</u>** નાને પાંચ **સોનાની ચેઈન તથા એક મંગલ સુત્ર મળી કુલ કિ.રૂ.૧,૮૫,૦૦૦/- તથા** બજાજ પલ્સર મો.સાયકલ નં. GJ-01-LV-6062 કિ.રુ.૫૦,૦૦૦/- **મળી કુલ <u>કિ.રૂ.૨,૩૫,૦૦૦/-</u> ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેને અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.**

ઉપરોક્ત આરોપીની સઘન પુછ પરછ કરતા જોએબખાન S/O નાદીરખાન શેરખાન જાતે બલોચ નાએ પોતાના સાથીદાર સાઇદ ઇકબાલ કુરેશી તથા શાહનવાજખાન ઉર્ફે જીણીયો S/O યુસુફખાન પઠાણ તથા મોઇન તથા સાઇદ ઉર્ફે કાલીયા નાઓની સાથે મળી, કબજે કરેલ મો.સાયક્લના માલીક તોસીફ રંગરેજ નાઓ પાસેથી મો.સાયકલ ભાડે લઇ આજદિન સુધી **<u>કુલ-૧૫</u>** ચેઇન સ્નેચિંગ કરેલાની કબુલાત કરેલ હોય જેમાં **<u>ઇસનપુર</u>** પો.સ્ટેશન ખાતે-૧, **<u>બાપુનગર</u>** પો.સ્ટેશન ખાતે-૧, **<u>દાણીલીમડા</u>** પો.સ્ટેશન ખાતે-૧, **<u>ઓઢવ</u>** પો.સ્ટેશન ખાતે-૧, **<u>પાલડી</u>** પો.સ્ટેશન ખાતે-૧, **<u>સરદારનગર</u>** પો.સ્ટેશન ખાતે-૧, **<u>વસ્ત્રાપુર</u>** પો.સ્ટેશન ખાતે-૧ દાખલ થયેલ ગુન્હાઓનો ભેદ ઉકેલાય છે. ઉપરોકત તમામ આરોપીઓ અગાઉ પણ અમદાવાદ શહેર વિસ્તારમાં અલગ અલગ પોસ્ટેશન ખાતે ચેઇન સ્નેચીગનાં ઘણા ગુન્હાઓમાં પકડાયેલ છે તેમજ પાસા પણ ભોગવેલ છે. અને જેને વધુ તપાસ પોલીસ સબ ઇન્સ. શ્રી બી.એચ. કોરોટ નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.